# સમાજમાં જ્યોતિષના માધ્યમથી સંસ્કારનું સિંચન કરવા સેમિનાર

## ભાગ્યશાળી કુંડળી કી ખોજ રીયાલીટી શૉ નું આયોજન

ગાંધીનગરત તા. ૧૯

આજના આધુનિક યુગમાં જ્યોતિષ વિદ્યા બદનામ થઈ રહી છે. કહેવાતા કેટલાક જ્યોતિષ પંડીતોના લીધે યુવા વર્ગ પણ રાહ ભટકી રહ્યો છે. ત્યારે આજની યુવાપેઢીને જ્યોતિષનુ જ્ઞાન અને સમજ વધારી



યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવા ગાંધીનગરના આંગણે 'ભાગ્યશાળી કુંડળીની ખોજ' નામનો એક રીયાલીટી શૉ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજને તંદુરસ્ત બનાવી સંસ્કારનું સિંચન કરવાના ઉમદા આશય સાથે આગામી જાન્યુઆરી મહિનામાં આ શૉ નું આયોજન થશે. જ્યારે ટી.વી. શૉના માધ્યમથી ૩૦ જેટલા એપિસોડનું પણ પ્રસારણ કરવામાં આવશે. જેમાં જ્યોતિષના વિવિધ ૭ મહાગુરૂઓ માર્ગદર્શન પુરૂ પાડશે.

આ અંગે જાણીતા જ્યોતિષાચાર્ય ભૂપેન્દ્ર શાસ્ત્રી, ડૉ. લક્ષ્મી નારાયણ, વૃન્દાબેન જોષી તેમજ નીલકંઠ શાસ્ત્રીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે પ્રત્યેકના જીવનમાં આવતી દુવિધાઓ અને સંકટોનું નિરાકરણ પવિત્ર જ્યોતિષશાસ્ત્રીથી આવી શકે છે. ભાગ્યશાળી કુંડળીની ખોજ આ ટી.વી. શૉ ના માધ્યમથી ૭ જ્યોતિષ વિદ્વાનો દ્વારા રાહ ભટકેલા વ્યક્તિઓને જ્યોતિષના માધ્યમથી સંસ્કારી બનાવવાનો પ્રયાસ કરાશે. યુવા પેઢીમાં પાંગરતા દુષણોને ડામવા પારિવારિક ભાવના મજબૂત બનાવા માટે જ્યોતિષના માધ્યમથી આ અભિયાન શરૂ કરાયું છે. આમ નાગરિકોને મુસીબતોમાંથી છૂટકારો મળે તે માટે આ સંસ્કાર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જાન્યુઆરીમાં દિવ્યા ચેનલ પર આ રિયાલીટી શૉ ના એપિસોડ્સ પણ પ્રસારિત કરાશે.

# સે-૪ ઓમકારેશ્વર મહાદેવના મેદાનમાં શિવમહાપુરાણ કથાનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં આવેલી પ્રસિધ્ધ ઓમકારેશ્વર મહાદેવ મંદિર સંસ્કૃતિ સંવર્ધન ટ્રસ્ટ દ્વારા સે-૪ ખાતે શિવમહાપુરાણ કથાનું આયોજન તા. ૧ થી ૯ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું છે.


ગાંધીનગરના સે-૪માં આવેલ ઓમકારેશ્વર મંદિરના મેદાનમાં શાસ્ત્રીય સંગીત અન સાહિત્યના ત્રિવેણી સંગમ સમી શિવમહાપુરાણ કથા યોજાશે. આ કથામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કથાકારો, કલાકારો સંતો-મહંતો ઉપસ્થિત રહી શ્રવણ કરાવશે.

નવ દિવસ ચાલનારી આ કથામાં શિવ તાંડવ નૃત્ય ઉપરાંત ૫૦૧ દિવડાની આરતી નૃત્ય સાથે કરવામાં આવશે તેમજ અનેક સામાજીક પ્રસંગોનો અભિનય કરી ઝાંખી કરાવવામાં આવશે. કથાની વ્યાસપીઠ ઉપર ગુજરાતના પ્રસિધ્ધ કથાકાર પૂ.શ્રી કનૈયાલાલજી મહારાજ દ્વારા કથાનું રસપાન કરાવાશે.

# કુદરતની કરિશ્મા-કણજીના ઝાડના થડનો રસ ચુસતી ઈયળોનું ઝૂંડ!

ચિલોડા, તા.૧૯

કુદરતની કરામત અનમોલ દશ્યો માનવીના હૈયાને બે ઘડી વિચાર કરતી મુકી દે છે. જેમાં લીલા ઝાડ, પાન, થડ, વેલા, થોર પર અનેક પ્રકારની વિવિધતના દર્શન થતા હોય છે. જેમાં કુદરતી કરિશ્માની બોલબાલા માનવીને આશ્ચર્યચકિત બનાવી દે છે. જેમાં ચિલોડા પંથકમાં લીલા શાકભાજી કે પાકોમાં અમુક જીવાતો દેખા દેતી હોય છે. જયારે કણજીના ઝાડના થડ પર ઓમતા નામની ઈયળલોનું ઝુંડ થડને



અવનવી ડિઝાઈન અને રંગબેરંગી ઈયળો એકબીજાથી વિંટાયેલી કુદરતી ભાત ચિત્ર સર્જી અનોખું દશ્ય નિહાળતાં કુદરતની અનમોલ કલાના દર્શન દ્દષ્ટિગોચર થાય છે. આ જીવાત માત્ર કણજીનો રસ ચૂસી જીવતી હોવાથી થડ માત્ર લોટ રુપે જમીન પર ખરી પડે છે. બીજી કોઈ વનસ્પતિ કે વૃક્ષ પર ભાગ્યે જ જોવા મળે છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

# વર્ષ ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા ફેમીલી પેન્શનરોનું પેન્શન પુનઃ આકારવા રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા વર્ષ ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા ફેમીલી પેન્શનરોનું મીનીમમ પેન્શન પુનઃ આકારવા ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી.

જાગ્રત પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલા ફેમીલી પેન્શનરોના પેન્શન અગાઉના પગાર ધોરણ મુજબ પે બેન્ડમાં નક્કી કરી તેમ ગ્રેડ-પે ઉમેરી ઓછામાં ઓછું ૫૦ ટકા કરવામાં આવ્યા હતા. જયારે વર્ષ ૨૦૦૮ દરમિયાન મુળ જોગવાઈમાં ફેરફાર કરી પેન્શન ફીકસ કરવાની સુચનાઓ બહાર પાડવામાં આવી હતી.

સી.એ.ટી. સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. સી.એ.ટી. દ્વારા વર્ષ ૨૦૦૮ના રોજ પેન્શનરોને પેન્શન ફીકસ કરી એરિયર્સ આપવું તેમ પણ જણાવવામાં આવ્યું છે. જેમાં પંજાબ હરિયાણાની હાઈકોર્ટ દ્વારા પણ ૨૦૦૬થી મિનીમમ પેન્શન નક્કી કરવા હરિયાણા સરકારને આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાત સરકાર પણ પેન્શનરો પ્રત્યે હકારાત્મક વલણ અપનાવી પેન્શનરો માટે સુધારો બહાર પાડે તેવી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ઈચ્છા વ્યકત કરવામાં આવી છે.

# શહેરમાં હોર્ડીંગ્સ લગાવવા સત્તાવાર મંજૂરી આપવામાં આવતી નથી : તંત્ર

## જાહેર સ્થળોએ હોર્ડીંગ્સ લગાવવા નીતિ-નિયમોનો અમલ થતો નથી : શહેરના બ્યુટીફીકેશન સામે પણ ખતરો : તંત્રની જવાબદારી નક્કી થાય તે જરૂરી

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં જાહેર સ્થળોએ બોર્ડ કે હોર્ડીંગ્સ મૂકવાના મામલે કોઈ નીતિ નિયમોનો અમલ ન થતા આ મામલે જાણે તંત્રની પણ કોઈ જવાબદારી ફીકસ થતી ન હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. આડેધડ-હોર્ડીંગ્સ લગાવી દેવાતા શહેરના બ્યુટીફીકેશનને પણ ઠેસ પહોંચતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

શહેરના જાહેર માર્ગો અને સર્કલો જાહેર ખબરનું માધ્યમ બની ગયા છે. નજર નાંખો ત્યાં બોર્ડસ અને હોર્ડીંગ્સ ચિપકેલા જોવા મળે છે. રાજકીય અને બિનરાજકીય કાર્યક્રમો ઉપરાંત નવા વર્ષનો શુભેચ્છા સંદેશ પાઠવતા હોર્ડીંગ્સનો માર્ગ આસપાસ તેમજ સર્કલોમાં પણ ખડકલો થયો છે. તંત્ર કક્ષાએથી આ પ્રકારના હોર્ડીંગ્સ લગાવવાની સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી નથી. બીજી તરફ શહેરના જાહેર સ્થળોએ આ પ્રકારની જાહેરાતના હોર્ડીંગ્સ મુકવાના મામલે કોર્પોરેશન કે તંત્ર દ્વારા પરવાનગી ન અપાતી હોવાથી આ હરકત સામે સત્તાવાર રીતે કોઈ પગલા પણ લેવાતા નથી. જેના પરીણામે સ્ટ્રીટલાઈટના થાંભલાથી લઈ મુખ્યમાર્ગો તેમજ સર્કલો આસપાસ ચિપકાવેલા પેમ્ફલેટસ અને હોર્ડીંગ્સનો ખડકલો જોવા મળે છે. શહેરના બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ તેની જાળવણી માટે કોઈ ચોકકસ વ્યવસ્થા ગોઠવાતી નથી!

શહેરના જાહેરમાર્ગો, સર્કલો પર હાલ વિવિધ પ્રકારના હોર્ડીંગ્સનો ખડકલો થયો છે સામાજિક મેળાવડા, ધાર્મિક કાર્યક્રમો કે રાજકીય સમારંભો સહીત પોતાના ધંધા-વ્યાપારના પ્રચાર માટે ગમે તે જગ્યાએ બેરોકટોક હોર્ડીંગ્સ ઉભા કરી દેવાય છે. સ્ટ્રીટલાઈટના પોલ્સ ઉપર પણ જાહેરખબરના પેમ્ફલેટસ ચિપકાવી દેવામાં આવે છે. અલબત્ત આ પ્રકારની જાહેરાત કરવાનું જાણે સ્ટેટસ સિમ્બોલ સમાન બની ગયું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જેના પરિણામે શહેરના જાહેરમાર્ગો જાહેરખબરનું માધ્યમ બની ગયા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના માર્ગો, સેન્ટ્રલ વર્જ, સર્કલો તેમજ હરિયાળીની માવજત અને બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આવા સંજોગોમાં બ્યુટીફીકેશનની જાળવણી માટે આ મામલે તંત્રની જવાબદારી નક્કી થતી નથી. સત્તાવાર રીતે બોર્ડ કે હોર્ડીંગ્સ લગાવવા તંત્ર કક્ષાએથી કોઈ મંજુરી આપવામાં ન આવતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં પરવાનગી વિના લગાવાયેલા હોર્ડીંગ્સ દૂર કરવા પણ કોઈ પગલા લેવાતા નથી.

# મહુન્દ્રા ગામે વીજલાઈનનું કામ કરવા ગયેલા લાઈનમેન પર લાકડી વડે હુમલો

## વીજલાઈનમાં ખામી સર્જાતા રીપેર કરવા ગયો હતો : ગામના જ બે શખ્સોએ હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક મહુન્દ્રા ગામે વીજ લાઈનમાં ખામી સર્જાતા રીપેરીંગ કામ અર્થે ચિલોડા યુનિટના લાઈન મેન અને તેમના અન્ય કર્મચારીઓ ગયા હતા. જયાં ફરજમાં અડચણરૂપ થઈ મહુન્દ્રા ગામના જ બે શખ્સોએ લાકડી વડે હુમલો કરી કર્મચારીઓને ગડદાપાટુનો માર માર્યો હતો અને લાઈનમેનને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે મામલે ચિલોડા પોલીસે ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક આવેલા અડાલજ ગામે રહેતા મોહમંદમીયા રસુલમીયા પરમાર છેલ્લા ઘણા સમયથી ચિલોડા યુનિટમાં લાઈનમેન તરીકે જીઈબીમાં ફરજ બજાવે છે.

લાઈનમેન મોહંમદમીયા રાબેતા મુજબ આજે ફરજ પર ગયા હતા. દરમિયાન ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રા ગામે વીજ લાઈનમાં કંઈક ખામી સર્જાઈ હોવાની માહિતી મળતા લાઈનમેન મોહંમદમીયા કચેરીના અન્ય કર્મીઓસાથે મહુન્દ્રા ગામે ગયા હતા. જયાં ગામમાં એક મંદિર પાસેથી પસાર થતી વીજ લાઈનને ખસેડવા બાબતે ગ્રામજનો સાથે વાતચીત કરતા હતા. આ જ અરસામાં ગામના જ બે શખ્સો રાજેશ ભાઈલાલભાઈ પટેલ અને ભીખાભાઈ ભાઈલાલ પટેલે લાઈનમેનસાથે ગાળા-ગાળી કરી હતી અને બાદમાં આ બંને શખ્સે લાકડી વડે લાઈનમેન સહિતના કર્મીઓ પર હુમલો કર્યો હતો અને ગડદાપાટુનો માર માર્યો હતો તેમજ લાઈનમેનને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

મહુન્દ્રા ગામે હુમલામાં ઘવાયેલા કર્મીઓએ ચિલોડા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે મામલે ચિલોડા પોલીસે બંને આરોપી શખ્સોની ધરપકડ કરી તેના વિરુધ્ધમાં ગુનો દાખલ કર્યો હતો. જેની વધુ તપાસ ચિલોડા પી.એસ.આઈ. પી.જે. પંડયા ચલાવી રહ્યા છે.

# પેથાપુર ખાતે તુલસી વિવાહ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૯

શહેરની પાસે આવેલ પેથાપુર ખાતે તુલસી વિવાહ તા. ૧૭ નવેમ્બરના રોજ યોજાઈ ગયા. તુલસી વિવાહનો વરઘોડો દેવીનાથ-રામામંડળના નિવાસ સ્થાનેથી પ્રસ્થાન કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ તુલસી વિવાહનું આયોજન જે.જી. પંચાલ એડવોકેટ અને મીનાબેન પંચાલ લીંબોદ્રાવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

# કલોલ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

જયશ્રી રામ સુંદરકાંડ પરિવાર દ્વારા પ.પૂ. ગુરૂજી શ્રી અશ્વિનકુમાર પાઠકની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન તા. ૧૭ ડિસેમ્બર મંગળવાર રાત્રે ૮.૩૦ કલાકે ગણેશ પાર્ટી પ્લોટ, મહેન્દ્રમીલ રોડ, કલોલ ખાતે કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા સમગ્ર નાગર પરિવાર કલોલ દ્વારા જણાવાયું છે.

# સે-૩૦માં મહિલાને સાપે ડંખ માર્યો

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૩૦ ખાતે બ્લોક નં. ૪૪/૪ ચ ટાઈપમાં રહેતા ક્રિશ્નાબેન સચિતાનંદ મિશ્રા ઉ.વ.૨૬ આજે સવારે પોતાના ઘરમાં સાફ સફાઈ કરી રહ્યા હતા આ દરમિયાન અચાનક જ ઘરમાં સાપ જેવું દેખાતું કોઈ સરીસૃપ એ મહિલાના હાથ પર ડંખ માર્યો હતો જેથી બુમાબુમ થતા ઘરના અન્ય સભ્યો મહિલા પાસે દોડી આવ્યા હતા અને મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જયાં તેની સારવાર થઈ રહી છે. હાલ મહિલા કોઈ પણ પ્રકારના ખતરાથી બહાર છે. આ અંગે સેકટર-૨૧ પોલીસે ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ચક્ષુદાન કરાયું

ગાંધીનગર સે-૨૨ ખાતે રહેતા પ્રફુલાબેન એમ. વોરા (ઉ.વ.૬૪)નું અવસાન થતા તેમના સ્વજનો દ્વારા ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું.

# ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડઝ જવાનો મધ્યપ્રદેશ ચૂંટણી બંદોબસ્ત માટે રવાના

## ચિલોડા, ડભોડા, દહેગામ તથા રખિયાલના જવાનોનો સમાવેશ



ચિલોડા, તા.૧૯

૨૫ નવેમ્બરે યોજાનાર મધ્યપ્રદેશ રાજયની વિધાનસભા ચૂંટણી સંદર્ભે કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુસર ગુજરાત રાજયની પોલીસની મદદની સાથોસાથ હોમ ગાર્ડઝ જવાનો ચૂંટણી ફરજ બજાવવા આજે રવાના કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર જિલ્લામાંથી જુદા જુદા સબ યુનિટ દ્વારા હોમગાર્ડઝ જવાનો મધ્યપ્રદેશની બસ મારફતે ચિલોડા સબ હોમગાર્ડઝ યુનિટથી ૨૫ જવાનો રવાના થયા હતા. સમગ્ર જિલ્લામાંથી ચિલોડા સબ યુનિટ, ડભોડા, દહેગામ તથા રખિયાલ હોમગાર્ડઝ સબ યુનિટમાંથી જવાનો રવાના થયા હતા. આ પ્રસંગે ચિલોડા સબ યુનિટના પ્લાટુન સાર્જન્ટ શ્રી બાબુભાઈ એન. જાદવ હાજર રહ્યા હતા. આ ઉપરાંત હોમગાર્ડઝ જવાનો ચિલોડા વિસ્તારમાં વાહન ચેકીંગ, ધાર્મિક સ્થળો, વ્યાપારી કોમ્પ્લેક્ષો તથા જાહેર માર્ગો પર કાયદો વ્યવસ્થા જાળવવા, રાત્રી પેટ્રોલીંગની નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરી રાષ્ટ્રસેવામાં, કુદરતી આફતોના રાહતકાર્ય, ચૂંટણી બંદોબસ્ત વગેરે રાષ્ટ્રીય સેવામાં અડીખમ સેવા કાર્યમાં હર હંમેશ ઉત્સુકતા દર્શાવી રહ્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

# લગ્ન સમારોહ માણતા દંપતિની કારમાંથી લેપટોપ-બેગની ઉઠાંતરી

ગાંધીનગરત તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬માં આવેલ શ્રદ્ધા પાર્ટી પ્લોટ ખાતે પાર્કીંગમાં પાર્ક કરેલી કારનું લોક ખોલી કોઈ ચોર ઈસમોએ કારમાંથી લેપટોપ ટેબલેટ અને ડોંગલ મળી અંદાજે રૂ. ૨૫ હજારની ઈલેકટ્રોનીક આઈટમોની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. જે મામલે સેક્ટર-૨૧ પોલીસે કાર માલિકની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર સહેરના સે. ૧૭ ખાતે રહેતા જયેશ દિલીપભાઈ સુખડીયા ખાનગી ઈન્સ્યૂરન્સ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈકાલ સાંજના સુમારે જયેશભાઈ સુખડીયા પોતાના પરિવાર સાથે પોતાની ફ્રન્ટી કાર લઈ મિત્રની બેનના લગ્ન પ્રસંગે સેક્ટર-૨૬માં આવેલા શ્રદ્ધા પાર્ટી પ્લોટમાં ગયા હતા. જ્યાં પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી કારની અંદર તોસીબા કંપનીનું લેપટોપ, એચ.પી. કંપનીનું ટેબલેટ અને ડોંગલ તમામ ઈલેક્ટ્રોનિક આઈટમો બેગમાં મુકીને કારને લોક કરી લગ્ન પ્રસંગે પાર્ટી પ્લોટમાં ગયા હતા. બાદમાં આશરે ૮.૩૦ કલાકે લગ્નમાં હાજરી આપી પોતાના પરિવાર સાથે ઘર તરફ જવા માટે પાર્કીંગમાં પાર્ક કરેલી કાર લેવા ગયા હતા જ્યાં પહોંચતા કારનો દરવાજો થોડો ખુલ્લો હતો આથી શંકા જતા કારમાં તપાસ કરી હતી. જ્યાં કારમાંથી લેપટોપ, ટેબલેટ અને ડોંગલ મુકેલી બેગની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યુ હતુ. આથી તેમણે તુરંત સેક્ટર-૨૧ પોલીસમથકમાં જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે આવી ચોરી અંગે તપાસ હાથ ધરી હતી. ફરિયાદી જયેશભાઈ સુખડીયાની ફરિયાદ લઈ સેક્ટર-૨૧ પોલીસે ચોરી મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ સે. ૨૧ પોલીસના પી.એસ.આઈ. વી.પી. સોલંકી ચલાવી રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫
થૉર ધ ડાર્ક વર્લ્ડ : ૩.૨૫
: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રામ-લીલા : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ક્રિશ-૩ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦
રામલીલા : ૪.૦૦
ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

### આંબેડકર

- જય માતાજી એન્ટપ્રાઈઝ ગાંધીનગર દ્વારા વ્યવસાયલક્ષી કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

## ચિરવિદાય

- સ્વ. પ્રફુલ્લાબેન મૌલીકકુમાર વોરા (ઉ.વ. ૬૪) શ્યામલ-૨, ૨૫૬/૩, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. વાલજીભાઈ રાઘવભાઈ બારૈયા (ઉ.વ. ૬૫) મુ.પો. મોટાચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હંસાબેન હેમરાજભાઈ ઠાકોર (ઉ.વ. ૧૮) મુ.પો. લીંબડીયા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રંજનબેન ભીખાજી બિહોલા (ઉ.વ. ૩૦) મુ.પો. ભાધોલ, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. ઉષાબેન હિંમતલાલ બોરીસાગર (ઉ.વ. ૭૧) ફલેટ નં. ૩૩૮/એ, સેકટર-૨૩, ગાંધીનગર.